# BUSINESS મિત્ર

### ક્રુડના ભાવ ઘટીને 115 ડોલર પર આવ્યા, રોકાણકારોને 1 દિવસમાં રૂ. 3 લાખ કરોડની કમાણી

# સેન્સેક્સ 482 પોઇન્ટ ઉછળ્યો, નિફ્ટી 22750 પાર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 26:** મીડલ ઈસ્ટમાં તણાવ ઘટવાનો આશાવાદ જોવાઇ રહ્યો છે, ત્યારે ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડો, પીટ ડાઉન શેરોમાં મુલ્ય ખરીદી અને પસંદગીના હેવીવેઈટ શેરોમાં નવી ખરીદી રહેતા આજે શેરબજારમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે નિફ્ટી 22750 પોઇન્ટની ઉપર બંધ રહેવામાં સફળ રહ્યો હતો. જેમાં રોકાણકારોને રૂ. 3 લાખ કરોડની કમાણી થઇ હતી.

ગત સપ્તાહમાં બ્રેન્ટ ક્રુડ છ મહિનાની ઉંચાઇએ પહચ્યા બાદ આજે થોડોક ઘટાડો જોવાયો હતો. જે 115 ડોલર પર પરત ફર્યો હતો. પ્રાદેશિક તણાવને હળવો કરવા માટે કતાર, ઈરાન અને યુએસ સાથે સંકળાયેલા રાજદ્વારી પ્રયાસોની આશાઓ વચ્ચે કિંમતોએ પીછેહઠ કરી હતી.

સેકટર વાઇઝ જોઇએ તો મેટલ, ફાર્મા અને ઓઇલ એન્ડ ગેસ શેરોમાં સુધારો જોવાયો હતો, જ્યારે મીડીયા અને કન્ઝયુમર ડ્યુરેબલ્સ શેરોમાં ઘટાડો નોંધાયો હતો.

બીએસઇ સેન્સેક્સ 482.92 પોઇન્ટ એટલે કે 0.66 ટકા વધીને 73606.75 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં 73606 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72514 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 153.20 પોઇન્ટ એટલે કે 0.68 ટકા વધીને 22750 પોઇન્ટની સપાટી ઉછળીને 22753.20 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22753 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22387 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 79.35 પોઇન્ટ એટલે જેનાકે 0.15 ટકા વધીને 54366.70 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે એયુ સ્મોલ બેન્કમાં 10.61 ગણા, પીટીસી ઈન્ડ.માં 9.68 ગણા, યુનાઇટેડ સ્પીરીટમાં 6.01 ગણા, વેલસ્પન કોર્પમાં 5.67 ગણા અને 360 વન વામમાં 4.1 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટાટા કેમિકલ્સમાં 8.44 ગણા, ભારત ફુકીંગમાં 6.22 ગણા, આઇટીસી હોટલ્સમાં 6.13 ગણા, મેગ્લોર રિફાઇનરીમાં 5.84 ગણા અને ડો. રેડ્ડીઝ લેબમાં 5.17 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં ફ્રન્ટલાઈન શેરો કરતા સારૂં પ્રદર્શન કર્યુ હતું. બીએસ મિડકેપ ઈન્ડેક્સ .107 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.13 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. એનએસઇ ખાતે 2063 શેરો વધ્યા હતા, જ્યારે 1525 શેરો ઘટ્યા હતા અને 93 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક અનિશ્ચિતતા ઘટવાના કારણે મેટલ શેરોમાં રીકવરી જોવા મળી હતી. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 2.21 ટકા વધ્યો હતો. જેમાં જેએસડબલ્યુ સ્ટીલ, સેઇલ, નેલ્કો, હિન્દાલ્કો, હિન્દુસ્તાન કોપર, જિન્દાલ સ્ટીલ, વેદાન્તા એલ્યુમીનીયમ મેટલ, એપીએલ અપોલો ટ્યુબ્સ, અદાણી એન્ટર અને ટાટા સ્ટીલ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્સ 266 પોઇન્ટ વધ્યા હતા, જે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. જ્યારે મીડલ ઈસ્ટમાં ભૌગોલિક રાજકીય તણાવ હોવા છતાં યુરોપિયન બજારોમાં વધારો થયો હતો. યુકેમાં સપ્ટેમ્બર રિટેલ વેચાણ વોલ્યુમ 0.4 ટકા ઘટ્યું હતું, જે 0.1 ઘટાડાની અપેક્ષાથી વધુ હતું. જોકે, યુકેરના કન્ઝયુમર કોન્ફીડન્સમાં એપ્રિલ 2020 પીછી સૌથી તીવ્ર માસિક ઘટાડો નોંધાયો છે. જે આગામી બજેટ પહેલા ઘરગથ્થું ખર્ચ અંગે ચિંતા ઉભી કરે છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.43 ટકા, કેક 0.84 ટકા અને ડેક્સ 0.99 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. નીક્કી 0.38 ટકા, સ્ટ્રેઈટસ 0.12 ટકા, કોસ્પી 1.48 ટકા, જકાર્તા 1.23 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઈ 0.19 ટકા અને હેંગસેંગ 0.51 ટકા સુધર્યા હતા.

### ડોલર ઉછળીને ૯૫ને પાર

કરન્સી બજારમાં ડોલરમાં મજબૂતાઇ આગળ વધી હતી. આજે ડોલર 95ને પાર નીકળી ગયો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 24 પૈસા સુધરીને 95.19ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.95ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 106.95, પાઉન્ડ 126.92, કેનેડિયન ડોલર 67.99, ઓસ્ટ્રેલિયન ડોલર 66.63, જાપાનીઝ યેન 0.6050 અને સીંગાપોર ડોલર 74.36ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.19 રૂ. |
| યુરો | 106.95 રૂ. |
| પાઉન્ડ | 126.92 રૂ. |
| યેન | 0.6050 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 482.92 | 73606.75 |
| નિફ્ટી | 153.32 | 22753.20 |
| બેન્ક નિફ્ટી | 79.35 | 54366.70 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ડો. રેડ્ડીઝ લેબ | 6.62 | 1310.90 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 6.28 | 1260.00 |
| બીએસઇ લિ. | 3.97 | 3359.00 |
| ઇટર્નલ | 2.57 | 325.55 |
| મેક્સ હેલ્થકેર | 2.45 | 835.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 4.62 | 825.00 |
| ટાટા કન્ઝયુમર | 2.84 | 936.50 |
| બજાજ ફાઇનાન્સ | 1.10 | 918.70 |
| HDFC લાઇફ | 0.91 | 519.00 |
| નેસલે ઇન્ડિયા | 0.13 | 1173.50 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 2.72 | 1749.40 |
| ઇટર્નલ | 2.56 | 325.10 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 2.53 | 441.00 |
| ટ્રેન્ટ | 1.73 | 2762.70 |
| ટાટા સ્ટીલ | 1.52 | 169.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 0.76 | 920.00 |
| એચડીએફસી બેન્ક | 0.56 | 688.20 |
| મારૂતિ સુઝુકી | 0.52 | 11200.00 |
| એચસીએલ ટેકનો | 0.42 | 1418.00 |
| પાવરગ્રીડ | 0.24 | 246.60 |

# ગુજરાતમાં ખરીફ મગફળીના ઉત્પાદનમાં 20 ટકા ઘટાડાનો અંદાજ

**અગાઉના** 41.88 લાખ ટનની સામે ઉત્પાદન ઘટીને 33.30 લાખ ટન થશે

**સૌરાષ્ટ્રમાં** અનિયમિત વરસાદથી પાકને ભારે ફટકો; રાજકોટ-જામનગરમાં મગફળીનું ઉત્પાદન ગગડતાં ખાદ્યતેલ મોંઘું થવાના અંધાણ

મુંબઈ, 26: 2026-27ની સીઝન માટે ગુજરાતમાં ખરીફ મગફળીનું ઉત્પાદન 20.5 ટકા ઘટીને 33.30 લાખ ટન થવાનો અંદાજ હોવાનું સોલ્વન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન જણાવે છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં અનિયમિત વરસાદને કારણે આવેલા આ ઘટાડાને લીધે, ખાદ્ય તેલ ઉદ્યોગ માટે કાચા માલની ઉપલબ્ધતા ઘટશે. સ્થાનિક તેલીબિયાં પર નિર્ભર કંપનીઓ ઉત્પાદન ખર્ચમાં થયેલો વધારો ગ્રાહકો પર નાખી ન શકે, તો પુરવઠાના આ દબાણને કારણે તેમના નફાના ગાળા (માર્જિન) પર અસર પડી શકે છે.

'સોલ્વન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન (SEA) ઓફ ઈન્ડિયા'એ ખરાબ હવામાનને ટાંકીને, 2026-27 ની ખરીફ સીઝન માટે ગુજરાતમાં મગફળીના ઉત્પાદનમાં તીવ્ર ઘટાડો થવાનો અંદાજ મૂક્યો છે. એસોસિએશનના તાજેતરના ફિલ્ડ સર્વે મુજબ, રાજ્યમાં મગફળીનું કુલ ઉત્પાદન ઘટીને ૩૩.૩૦ લાખ ટન થવાની ધારણા છે, જે અગાઉની સીઝનમાં 41.88 લાખ ટન હતું. ઘટાડાનું મુખ્ય કારણ અનિયમિત વરસાદને આભારી છે, જેના કારણે રાજ્યના કૃષિપ્રધાન વિસ્તારોમાં પાકના વિકાસમાં અવરોધ ઉભો થયો હતો. ગુજરાતમાં મગફળીની ખેતીના મુખ્ય કેન્દ્ર ગણાતા સૌરાષ્ટ્ર પ્રદેશને પુરવઠાની અછતની સૌથી વધુ અસર ભોગવવી પડી રહી છે. SEA (એસ.ઈ.એ.) ના સર્વેક્ષણ મુજબ, આ પ્રદેશમાં ઉત્પાદનમાં 19.8 ટકાનો ઘટાડો થઈ શકે છે અને તે ઘટીને 25.53 લાખ ટન થવાની શક્યતા છે. જૂનાગઢ અને અમરેલી જેવા કેટલાક વિસ્તારોમાં સ્થિતિ પ્રમાણમાં સ્થિર રહી છે, પરંતુ રાજકોટ અને જામનગર જેવા મુખ્ય ઉત્પાદક જિલ્લાઓમાં નોંધપાત્ર નુકસાન થવાને કારણે સમગ્ર રાજ્યના કુલ ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે. રાજકોટમાં ઉત્પાદન 6.60 લાખ ટનથી ઘટીને 5.90 લાખ ટન થવાનો અંદાજ છે, જ્યારે જામનગરમાં વધુ મોટો ઘટાડો જોવા મળી શકે છે; ત્યાં ઉત્પાદન અગાઉના વર્ષના 5.63 લાખ ટનથી ઘટીને 3.26 લાખ ટન થવાની ધારણા છે.

ખાદ્ય તેલ ઉદ્યોગ માટે, સ્થાનિક સ્તરે તેલીબિયાંના પુરવઠામાં ઘટાડો એક પડકારજનક પરિસ્થિતિ સર્જે છે. ચાલુ સીઝન માટે ઉત્પાદકતામાં થયેલો ઘટાડો - જે 2025-26ના 1,902 કિલો પ્રતિ હેક્ટરની સરખામણીએ 1,608 કિલો પ્રતિ હેક્ટર હોવાનો અંદાજ છે. તે દર્શાવે છે કે પાકની ગુણવત્તા અને જથ્થો બંને દબાણ હેઠળ છે. જ્યારે સ્થાનિક પુરવઠો મર્યાદિત બને છે, ત્યારે ખાદ્ય તેલના પ્રોસેસરો અને મિલમાલિકોએ ઘણીવાર કાચા માલની ખરીદી પાછળ વધુ ખર્ચ કરવો પડે છે.

# ઓકટોબરમાં વિદેશી રોકાણકારોએ રૂ. 480000 કરોડના શેર વેચ્યા

**2026માં** અત્યાર સુધીમાં વિક્રમી રૂ. 3.08 લાખ કરોડ પાછા ખેંચી લીધા

મુંબઇ, તા. 26: વિદેશી રોકાણકારો સતત ભારતીય શેરબજારમાંથી એકઝીટ કરી રહ્યા છે. જેઓએ ઓકટોબર મહિનામાં જ રૂ. 48056 કરોડ શેરો વેચ્યા છે. એફઆઈઆઈની વેચવાલીના મુખ્ય કારણોમાં ક્રુડ ઓઈલના ઉંચા ભાવ, મીડલ ઈસ્ટમાં તણાવ, મોંઘવારીની ચિંતા તથા કંપનીઓની એવરેજ કમાણીની સાથે એલટીસીજી ટેક્સ છે. જોકે, ગત સપ્તાહમાં વેચવાલીનું દબાણ ઘટ્યું હતું, પરંતુ હજુય ખરીદી જોવા મળી નથી. સીડીએસએલના આંકડા અનુસાર વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી સપ્ટેમ્બર મહિનામાં રૂ. 35861 કરોડ કાઢ્યા હતા. આ પહેલા તેમણે જુલાઈમાં રા. 20200 કરોડ, ઓગસ્ટમાં 29631 કરોડ કાઢી લીધા હતા. જોકે, 2026માં અત્યાર સુધીમાં કુલ આંકડો રૂ. 3.08 લાખ કરોડ સુધી પહોંચી ગયો છે. જે ગત વર્ષની સરખામણી કરતા ઘણો આગળ નીકળી ગયો છે.

## બીપીસીએલ નવેમ્બરમાં રશિયન ક્રૂડની આયાતમાં મોટો કાપ મૂકશે

નવી દિલ્હી, તા. ૨૬: ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ(બીપીસીએલ) નવેમ્બર માસમાં રશિયાથી મંગાવાતા ક્રૂડ ઓઈલમાં ભારે કાપ મૂકી શકે છે કારણ કે ત્યાંથી ક્રૂડ મંગાવવાનો ખર્ચ મોંઘો પડી રહ્યો છે અને તેના પર મળતી ઓફરો હવે અનાકર્ષક જણાઇ રહી છે અને આની સામે મધ્ય પૂર્વનું ક્રૂડ વધુ વાજબી ભાવનું જણાઇ રહ્યું છે એ મુજબ એક અધિકારીએ જણાવ્યું હતું. નવેમ્બરમાં રશિયન જથ્થો ઓછો હશે કારણ કે મધ્ય પૂર્વના ગ્રેડ રશિયન ગ્રેડની સરખામણીમાં વધુ વ્યવસાયિક રીતે વધારે ફાયદાકારક છે, એમ BPCLના નાણાકીય વડા વેત્સા રામકૃષ્ણ ગુપ્તાએ કંપનીની ત્રિમાસિક કમાણી પછી વિશ્લેષકોને જણાવ્યું હતું. વધુ ભાડા ખર્ચને કારણે નવેમ્બર માટે રશિયન કાર્ગોમાં "નોંધપાત્ર ઘટાડો" કરવામાં આવ્યો હતો, એમ ગુપ્તાએ જણાવ્યું. જુલાઈથી સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં, BPCL ના ક્રૂડ સોર્સિંગ મિક્સમાં રશિયન ક્રૂડનું પ્રમાણ લગભગ 37% હતું.

## ભારતમાં ઓફિસ રિયલ એસ્ટેટનો ઓલ-ટાઈમ હાઈ રેકોર્ડ

**સપ્ટેમ્બર** ક્વાર્ટરમાં 23.7 મિલિયન ચોરસ ફૂટ જગ્યાનું લિઝીંગ થયું

**આઇટી**-આઇટીઇએસ સેક્ટરમાં સૌથી વધુ માગ રહી

નવી દિલ્હી, તા. 26: ભારતમાં ઓફિસ રિયલ એસ્ટેટ માર્કેટે 2026ના જુલાઇ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં ઐતિહાસિક પ્રદર્શન કર્યું છે. વર્કપ્લેસ સોલ્યુશન્સ કંપની વેસ્ટિયનના અહેવાલ મુજબ, દેશમાં ત્રીજા ક્વાર્ટરમાં ઓફિસ સ્પેસ લીઝિંગ 23.7 મિલિયન ચોરસ ફૂટ સુધી પહોંચ્યું, જે વાર્ષિક ધોરણે 20 ટકાનો વધારો દર્શાવે છે. જોકે વૈશ્વિક ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતાના કારણે ત્રિમાસિક ધોરણે માંગ લગભગ સ્થિર રહી હતી.

અહેવાલ મુજબ, આ અત્યાર સુધીનો સૌથી ઊંચો ઓફિસ સ્પેસ વપરાશનો આંકડો છે. ખાસ કરીને મોટા શહેરોમાં ગ્રેડ-એ ઓફિસ સ્પેસ માટે નોંધપાત્ર માંગ જોવા મળી હતી.

ઓફિસ લીઝિંગમાં આઈટી-આઈટીઈએસ ક્ષેત્રનું પ્રભુત્વ યથાવત્ રહ્યું હોવા છતાં તેનો હિસ્સો ઘટ્યો છે. કુલ ઓફિસ સ્પેસ વપરાશમાં આઈટી-આઈટીઈએસનું યોગદાન અગાઉના ત્રિમાસિકના 41 ટકા અને એક વર્ષ અગાઉના 31 ટકાની સરખામણીએ ઘટીને 23 ટકા રહ્યું છે.

બીજી તરફ, બેન્કિંગ, ફાઈનાન્સિયલ સર્વિસિસ અને ઈન્શ્યોરન્સ (BFSI) ક્ષેત્રે જોરદાર વૃદ્ધિ નોંધાવી છે. આ ક્ષેત્રનો હિસ્સો વધીને 20 ટકા થયો છે, જે અગાઉના ત્રિમાસિકમાં 8 ટકા અને એક વર્ષ પહેલાં 15 ટકા હતો.

ફ્લેક્સિબલ વર્કસ્પેસ અને મેનેજ્ડ ઓફિસ ક્ષેત્રે પણ મજબૂત પ્રદર્શન કર્યું છે. ત્રીજા ક્વાર્ટરમાં કુલ લીઝિંગમાં તેનો હિસ્સો 20 ટકા રહ્યો હતો. જોકે તે અગાઉના ક્વાર્ટરના 22 ટકાથી થોડો ઓછો છે, પરંતુ એક વર્ષ અગાઉના 14 ટકાની સરખામણીએ નોંધપાત્ર વધારો દર્શાવે છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૭૫/૩૬ '' | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૩૬ '' | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| | | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

## માઈક્રોસોફ્ટે 'વોલન્ટરી એક્ઝિટ સ્કીમ' જાહેર કરી

**ભારત** સહિત 4 દેશોના કર્મચારીઓ માટે સ્વેચ્છાએ નોકરી છોડવા ઈચ્છતા લાયક કર્મચારીઓને નાણાકીય સહાય અને કેરિયર પ્લાનિંગ રિસોર્સિસ અપાશે

**નિર્ણય** લેવા માટે 1 ડિસેમ્બર સુધીનો સમય

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ): દિગ્ગજ ટેક કંપની માઈક્રોસોફ્ટે સોમવારે ભારત, અમેરિકા, યુકે અને કેનેડાના લાયક કર્મચારીઓ માટે 'વોલન્ટરી એક્ઝિટ ઓફર' (સ્વૈચ્છિક રીતે નોકરી છોડડાવાની યોજના) ની જાહેરાત કરી છે. આ પ્રોગ્રામ હેઠળ સ્વેચ્છાએ કંપની છોડવા માંગતા કર્મચારીઓને નાણાકીય સહાય અને કેરિયર પ્લાનિંગ માટે સંસાધનો પૂરા પાડવામાં આવશે. ગ્લોબલ સ્તરે આશરે 60,000 કર્મચારીઓ આ સ્કીમ માટે પાત્ર છે, જેમાં ભારતના કર્મચારીઓ પણ સામેલ છે. ભારતમાં માઈક્રોસોફ્ટના કુલ 23,000 કર્મચારીઓ છે, અને લાયક કર્મચારીઓ 1 ડિસેમ્બર સુધી આ ઓફર અંગે નિર્ણય લઈ શકશે.

કંપનીના ચીફ પીપલ ઓફિસર એમી કોલમેને બ્લોગ પોસ્ટમાં જણાવ્યું કે લેવલ 70 અને તેનાથી નીચેના હોદ્દા ધરાવતા કર્મચારીઓ માટે આ મર્યાદિત સમયની યોજના છે. આ પેકેજ અંતર્ગત પૂર્ણ કરેલા દરેક સર્વિસ વર્ષ માટે 1 મહિનાનો બેઝિક પગાર, હેલ્થ ઈન્સ્યોરન્સ અને કેરિયર ટ્રાન્ઝિશન સેવાઓ અપાશે. બીજી તરફ, કંપનીના પ્રવક્તાએ સ્પષ્ટ કર્યું કે માઈક્રોસોફ્ટ ભારતના એઆઈ ઈકોસિસ્ટમમાં 2025થી 2029 દરમિયાન 20.5 અબજ ડોલરનું રોકાણ ચાલુ રાખશે.

## ટાટા સન્સના અધ્યક્ષ તરીકે ચંદ્રશેખરનની ફેરનિમણૂકને પડકારતા નોએલ ટાટા

**કંપની** સેક્રેટરીને પત્ર લખીને પ્રસ્તાવને પડકાર્યો, અનેક મુદ્દાઓને આધારે આ ફેરનિમણૂકને રદબાતલ ગણાવી

મુંબઈ, તા. ૨૬(પીટીઆઈ): ટાટા ટ્રસ્ટ્સના અધ્યક્ષ નોએલ ટાટાએ સોમવારે ટાટા સન્સના અધ્યક્ષ તરીકે એન. ચંદ્રશેખરનની પુનઃનિમણૂક કરવાના પ્રસ્તાવને પડકાર્યો છે, જે દેશના સૌથી મોટા સમૂહની હોલ્ડિંગ કંપનીની ૧૭ સપ્ટેમ્બરના રોજ મળેલી બોર્ડ બેઠકમાં પસાર કરવામાં આવ્યો હતો. નોએલ ટાટાએ સોમવારે ટાટા સન્સના કંપની સેક્રેટરી સુપ્રકાશ મુખર્જીને પત્ર લખીને ફેબ્રુઆરી ૨૦૨૭ પછી પણ ચંદ્રશેખરનની પુનઃનિમણૂકના પ્રસ્તાવને પડકાર્યો છે, જેનાથી એક સદીથી વધુ જૂના આ વ્યવસાયિક જૂથના બોર્ડની અંદરના મતભેદો ખુલ્લા પડી ગયા છે. આ ઘટનાક્રમથી વાકેફ સૂત્રોએ જણાવ્યું હતું કે નોએલ ટાટાએ નોટિસ અને બેઠકના એજન્ડા સહિતના અનેક મુદ્દાઓને આધારે પાંચ વર્ષ માટેની આ પુનઃનિમણૂકને રદબાતલ ગણાવી છે.

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૫૬૬૦ |
| તેજાબી સોનું | ૧૪૫૫૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૩૮૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૨૭૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૫૬૬૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૯૮૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૦૦૧૦૦ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-30 | ૫૬૦૦ |
| એસ-30 | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૫૦૦ |
| એસ-30 | ૫૪૦૦ |


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST) ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

જમીન વેચવાની છે
ગામ:-કમલાપોર, તા:ડોલવણ, જિ. તાપી
સોલાર લાયક 66 KV નજીક
15.5 વિંઘા જુની શરત
નહેરની બાજુમાં ખેતી માટે ઉત્તમ
મો:-9725710000

વેચવાની છે જગ્યા
કુવરદા ગામ (કીમ પાસે)
3532 વાર શેડ 8000 sq.ft. 22 feet height
બોઈલર શેડ 800 sq.ft.
RCC ઓફિસ 1600 sq.ft.
કારીગરોની રૂમ સીક્યુરીટી કેબીન 100 KW પાવર
9825511699

જોઈએ છે
150 થી 300 ફુટનું ઓફિસ કન્ટેઈનર વેચાણથી
MO. 91515 97171

મિલ્કત વેચવાની છે

**સ્વાતી સોસાયટી**
(ચીકુવાડી) વરાછા પ્લોટ વેચવાનો છે. 270 થી 300 વાર. 9687580001 (11416)

**2.15 વિંઘા ઈન્ડસ્ટ્રીયલ**
Zone જમીન વેચવાની છે. ગામ: ટેના રાંગ. Mo. 9687580001 (11417)

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે. ગામ: પંડવાઈ (કોસંબા) 9687580001 (11418)

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામ: કાળા વ્યારા, કણજા 9687580001 (11419)

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

પુરૂષાર્થ
GST Registration @ 2000 Rs
GST Return @500 Rs PM
Incomtax Return of five Year
9974810262

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

**ચોખ્ખું ઘી મળશે-**
ગીર ગાયનું 9898170075, 9727293311 (10614)

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રીનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (10314)

**જુનો સામાન લેવામા**
આવશે. જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2-વ્હીલર વાહનો જુની ઘરઘંટી તેમજ તમામ પ્રકારનો જુનો સામાન તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. Mo. 9316100413 (11659)

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile: 9825859049, (11663)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**મહાદેવ ટુર એન્ડ ટ્રાવેલ્સ**
દિવાળીમાં (ઉજ્જૈન), (દ્વારકા), (ભીમાશંકર), (અષ્ટવિનાયક), (શિરડી), (સફેદરણ) 7802062340 (384)

**સાગર 9427113317,**
દિપાવલિમાં ગોવા, મહાબળેશ્વર, એસી સ્લીપરમાં, શનિ રવિ સેલવાસ, દમણ (11660)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ-14. તારીખ- 11/ 11, (ફક્ત 7 સીટ બાકી) અને 24/ 11 (ફક્ત 7 સીટ બાકી) (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુક્તિનાથ. તારીખ- 24/ 12, દિવસ-12. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, બ્રેક ફાસ્ટ, લંચ, ડીનર સાથે, મળો: દિપકભાઈ બોડીવાલા- 9825144143, કિશનભાઈ- 9898700934. (11662)

મિલ્કત જોઇએ છે

**જોઈએ/ વેચાણ પ્લોટ**
બંગલો જમીન ફ્લેટ પિપલોદ વેસુ અડાજણ રિંગરોડ ભટાર નાનપુરા ડુમસ સિટિલાઈટ પાર્લે ઘોડદોડ અલથાણ 9227904488 (385)

નોકરી વિષયક

**ફુલ ટાઈમ વેઈટર**
કમ કારીગર જોઈએ છે આઈસ્ક્રીમ પાલર માટે લોકેશન સુરત કોલ 9712907552 (11515)

**કામ માટે માણસો**
જોઈએ છે કોમ્પ્યુટર આવડવું હોવું જોઈએ, ઉંમર (20થી 25 વર્ષ) ઘોડદોડ રોડ, સુરત, 6353685196, 9081165199 (11661)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.



Dakshin Gujarat Vij Co. Ltd.
CIN U40102GJ2003SGC042909
Mandvi Division Office
Mandvi Madhi road, Tarsadabar, Mandvi, Surat PIN-394160
DGVCL Toll Free No.19123 (Or 1800 233 3003)

**Tender Notice**

Tenders (Nos.22 To 30) are invited from registered firms/parties for work including Utility vehicle, Pipe in Cage (PIC) earthing Work, Fabrication work for Various offices under jurisdiction of Mandvi Division. For further details, please visit **www.nprocure.com**.

EE (O&M), Mandvi Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents



**ઉમરગામ નગરપાલિકા, જિ.વલસાડ**
**વોક ઇન ઇન્ટરવ્યુ**

મે.મિશન ડાયરેક્ટરશ્રી સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડની કચેરી, ગાંધીનગરના વખતોવખતના કાર્યાલય આદેશથી સિટી મેનેજર - IT અને $BM/0108/07/2026 તા.૦૪/૦૮/૨૦૨૬ અન્વયે UWM ની ૧૧ માસના કરાર આ2 આધારીત તદ્દન હંગામી ધોરણે નિમાણૂંક આપવાની હોય, ઇચ્છા ધરાવતા ઉમેદવાર તા.૩૦/૧૦/૨૦૨૬ ને સોમવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે નીચેની જગ્યા માટે ઉમેદવારોએ પોતાની અરજી, બાયોડેટા તથા લાયકાતના પ્રમાણપત્રો અસલ તથા એક નકલ સેટ સાથે રૂબરૂ ઉમરગામ નગરપાલિકા, મેઈન બજાર, ઉમરગામ ટાઉન તા.ઉમરગામ જી.વલસાડની કચેરી ખાતે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે. નિમાણૂક આપવાનો અબાધિત અધિકાર ઉમરગામ નગરપાલિકાનો રહેશે..

| હોદ્દાનું નામ | લાયકાત | સંખ્યા | અનુભવ | ફિક્સ માસિક વેતન રૂા. |
|---|---|---|---|---|
| સીટી મેનેજર - UWM | B.E./B.Tech -Civil/ Environment/ Mechanical/ Water Resource | ૧ | ૧ વર્ષ (ડિગ્રી મેળવ્યા બાદ) | ૩૦,૦૦૦/- |

ગૌરવભાઈ સી. કોન્ટ્રાક્ટર, કારોબારી ચેરમેન, ઉમરગામ નગરપાલિકા — ખુશ્બુબેન એસ.જાદવ, પ્રમુખ, ઉમરગામ નગરપાલિકા — એ.એચ.સિન્હા, ચીફ ઓફીસર, ઉમરગામ નગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૫૧૦/૨૦૨૬



**દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
CIN: U40102GJ2003SGC042909
ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી,
મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨
ડીજીવીસીએલ ટોલ ફ્રી નંબર: ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩, ૧૯૧૨૩

**વિજપુરવઠો બંધ રહેવા**

આથી અમારા વાગરા સબ-ડિવિઝનના માનનીય વીજ ગ્રાહકો તેમજ જાહેર જનતાને જણાવવાનું કે નીચે દર્શાવેલ ૬૬ કે.વી. સબ-સ્ટેશનો ખાતે અગત્યની જાળવણી તથા સમારકામની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી તેમાંથી વીજ પુરવઠો મેળવતા નીચે દર્શાવેલ ફીડરોના તમામ ગ્રાહકોને દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં. કામગીરી પૂર્ણ થયા બાદ કોઈપણ પ્રકારની આગોતરી જાણ કર્યા વિના વીજ પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવશે. તેથી જાહેર જનતાએ આ અંગે ખાસ નોંધ લેવા વિનંતી.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ / વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી વિલાયત | ૧૧ કેવી વિલાયત જ્યોતિગ્રામ ફીડર | વાગરા | ૮૯૮૦૮૦૩૯૨૦ | ૨૭-૧૦-૨૬ / મંગળવાર | સવારે ૦૭:૦૦ થી સાંજે ૪:૦૦ |

નોંધ: સમારકામની કામગીરી દરમિયાન વીજ પુરવઠો નિર્ધારિત સમયગાળા કરતાં વહેલો અથવા મોડો ચાલુ થઈ શકે છે. સલામતી માટે અપીલ: એમ.સી.બી., ઈ.એલ.સી.બી. તથા આર.સી.સી.બી. જેવા સુરક્ષા ઉપકરણોનો ઉપયોગ કરી વીજ આંચકાથી બચો અને વીજ અકસ્માતો નિવારો.



**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન**
**જાહેર નોટીસ**
FIT INDIA

**વિવિધ રસ્તાઓ પર દબાણ દુર કરવા અંતર્ગત જપ્ત કરવામાં આવેલ લારી/ગલ્લા/કેબીન પરત કરવા બાબત.**

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારનાં વિવિધ રસ્તાઓ પર દબાણ દુર કરવા અંતર્ગત જપ્ત કરવામાં આવેલ લારી/ગલ્લા/કેબીન તેમજ અન્ય માલસામાન/ચીજવસ્તુઓની માલિકી ધરાવતા ઈસમોને આથી જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં વિવિધ રસ્તાઓ પરથી સુરત મહાનગરપાલિકા તરફથી તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૧/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન રોડ પરનાં દબાણ દૂર કરવાની કાર્યવાહી હેઠળ જપ્ત કરવામાં આવેલ માલસામાન જેવા કે લારી, ગલ્લા, કેબીન વગેરે સામાન આ નોટીસ પ્રસિધ્ધ થયેલ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન કચેરીથી ફોર્મ મેળવી વિગત ભરી જરૂરી પુરાવા-નિશાની આપી દિન-૩૦ (ત્રીસ) માં નિયત દબાણ ચાર્જ ભરી છોડાવી જવા આથી જાણ કરવામાં આવે છે.અન્યથા મુદત વિત્યે અત્રેના દબાણ ડેપો/ગોડાઉનમાં જમા માલસામાનો જી.પી.એમ.સી. એક્ટના પ્રકરણ-૨૭ ની કલમ ૪૩૮ ની જોગવાઈ મુજબ નિકાલ કરવામાં આવશે તથા તે અંગેની કોઈપણ પ્રકારની ફરીયાદ પાછળથી ધ્યાને લેવામાં આવશે નહિ. જેની સર્વે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

નં.પી.આર.ઓ./૩૦૭/૨૦૨૬-૨૭
તા. ૨૬/૧૦/૨૦૨૬

ડેપ્યુટી મ્યુ.કમિશનર
સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન
સુરત મહાનગરપાલિકા



**=: જાહેર હરાજી અંગેની નિવિદા :=**

આથી જાહેર હરાજીથી ઇમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવીદાથી જાણ કરવામાં આવે છે કે, નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના સામાપોર ગામે ગ્રામ પંચાયત કચેરી સામાપોર દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઇમલાની જાહેર હરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્કયામતની જે તે સ્થિતિમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે. જેથી જાહેર હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવું.

| ક્રમ | અસ્કયામત અને ઇમલાની વિગત | જાહેર હરાજીની તારીખ | જાહેર હરાજીનો સમય | નક્કી થયેલ અપસેટપ્રાઇઝ | જાહેર હરાજીનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | આંગણવાડી મકાન સામાપોર, તા. - જલાલપોર | ૨૭/૧૦/૨૦૨૬ | ૧૪:૦૦ કલાક | રૂ. ૫૫૨૦/- અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો વીસ પુરા | ગ્રામ પંચાયત સામાપોર નવું મકાન, તા-જલાલપોર, જિ-નવસારી |

જાહેર હરાજીની શરતો, બોલીઓ, નિયમો વગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તથા ઉપરોક્ત અસ્કયામતના ઇમલાની જાહેર હરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

તલાટી કમ મંત્રી, સામાપોર ગ્રામ પંચાયત — સરપંચ, સામાપોર ગ્રામ પંચાયત

માહિતી/નવસારી/૪૦૦/૨૦૨૬